## ઝૂલણ મોરલી વાગી રે

(ફિલ્મઃ રા’માંડળીક)

હે ઝૂલણ મોરલી વાગી રે રાજાના કુંવર,
હે હાલોને જોવા જઇએ,
મોરલી વાગી રે રાજાના કુંવર.
ચડવા તે ઘોડલો હંસલો રાજાના કુંવર,
પિત્તળીયા પલાણ રે મોરલી વાગી રે,
રાજાના કુંવર...ઝૂલણ મોરલી...
હે બાંયે બાજુ બંધ બેરખાં રાજાના કુંવર,
હે દશે આંગળીયે વેઢ રે મોરલી વાગી રે,
રાજાના કુંવર...ઝૂલણ મોરલી.
હે પગે રાઠોડી મોજડી રાજાના કુંવર,
હે ચાલે ચટકતી ચાલ રે મોરલી વાગી રે,
રાજાના કુંવર...ઝૂલણ મોરલી.
હે ઝૂલણ મોરલી વાગી રે, રાજાના કુંવર,
હે હાલોને જોવા જઇએ,
મોરલી વાગી રે રાજાના કુંવર.

------